## પાઠ-૧૪ હરિ વસે છે હરિના જનમાં

### અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. હરિ ભક્તોનાં મનમાં વસે છે.

૨. માણસ પ્રભુને વનમાં, કાશીમાં, ગંગાનાં પાણીમાં, પવનમાં શોધે છે.

૩. માણસ પ્રભુને ભેખ ધરીને શોધે છે.

૪. મીરાબાઈ કહે છે કે સાધુ બનીને ભગવાનને શોધવા માટે ભટકવાની જરૂર નથી. ભગવાન તો માણસનાં મનમાં જ વસે છે.

**(ખ) કાવ્ય-પૂર્તિ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકનાં આધારે કરવાનું કહો.**

**(ગ) અર્થ વિસ્તાર.**

કાશીએ જાઓ ભલે ગંગામાં ન્હાવો;
પ્રભુ નથી પાણી કે પવનમાં...હરિ...

**ભાવાર્થ:** મીરાબાઈએ આ કાવ્યમાં ભક્તિ કરવાની સાચી રીત બતાવી છે. ભગવાનની ભક્તિ તો સાચા દિલથી જ થવી જોઈએ. ભગવા વસ્ત્રો પહેરીને કાશીમાં જઈને ગંગા સ્નાન કરવાથી કંઈ ભગવાન મળતાં નથી. ઈશ્વર જંગલમાં, પાણીમાં, પવનમાં કે ક્યાંય મંદિરમાં નથી. પણ ઈશ્વરનો વાસ તો મનુષ્યનાં મનમાં જ છે. હોમ-હવન કે યોગ સાધનાથી ઈશ્વર નથી મળતાં. આમ મીરાબાઈ મનુષ્યને આથી ભક્તિની રીત બતાવે છે.

### વાત વ્યાકરણની

**(ક) ભેખ ધરવો - કાર્ય પૂર્ણ કરવા માટે લાગી પડવું.**

**(ખ) પર્યાયવાચી શબ્દો આપો.**

આકાશ – નભ, ગગન; હરિ – પ્રભુ, ભગવાન; જંગલ – વન, ઊપવન

### પ્રવૃત્તિ

**(ક) 'ન' વાળા શબ્દો.**

૧. પવન  ૨. મગન  ૩. જગન  ૪. અમન  ૫. શમન

**(ખ) શ્રીકૃષ્ણનાં પાંચ નામો.**

૧. ગિરિધર, ૨. હરિ, ૩. મુરલીધર, ૪. કનૈયો, ૫. રણછોડ

# પાઠ-૧૫ ગાંધીજીની જન્મભૂમિ : પોરબંદર

## અભ્યાસ-ઉત્તર

### (ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. પોરબંદરનાં પ્રવાસનું આયોજન થયું હતું.

૨. પોરબંદર શહેર સુદામા અને ગાંધીજીનાં જન્મસ્થળ તરીકે ઓળખાય છે.

૩. ઈ.સ. પૂર્વ ૧૬ મીથી ૧૪ મી સદીની હડપ્પન સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે.

૪. પોરબંદરનાં મહારાજા ભાવસિંહજીએ સુદામા મંદિર બંધાવી આપ્યું.

૫. પોરબંદરની આસપાસ, ગાયત્રીમંદિર, રોકડિયા હનુમાનનું મંદિર, જાંબુવનની ગુફા, હર્ષદ માતાનું મંદિર વગેરે ધાર્મિક સ્થળો છે.

### (ખ) સવિસ્તાર જવાબ.

૧. બરડા ડુંગરની તળેટીમાં પોરબંદર જિલ્લાનાં રાણાવાવ ગામથી ૫ કિલોમીટર દૂર જાંબુવનની ગુફા આવેલી છે. નાની એવી જગ્યામાં અંદર ઉતરવાની સીડી છે. ગુફાની અંદર શાંતિનો અનુભવ થાય. તેમાં ઉપરથી ટપકતાં પાણીનાં ટીપા વડે આ..ેળે શિવલિંગો બની જાય છે. કુદરતી રીતે તે અદૃશ્ય પણ થતાં જાય છે. કૃષ્ણ અવતાર માં જાંબુવન નામનો રીંછ શિવ ભક્ત હતો. તેનાં નામ પરથી આ ગુફાનું નામ છે. તેમાં પાતાળેશ્વર મહાદેવનું શિવલિંગ આવેલું છે.

૨. **પોરબંદરનાં ફરવા લાયક સ્થળો.**

| | |
|---|---|
| સુદામા મંદિર | રોકડિયા હનુમાનનું મંદિર |
| ગાયત્રી મંદિર | જાંબુવનની ગુફા |
| ભારત મંદિર | હર્ષદ માતાનું મંદિર |
| તારા મંદિર | કીર્તિ મંદિર |
| સાંદિપનિ વિદ્યાનિકેતન, | રાણાસાહેબનો મહેલ, |
| પક્ષી અભયારણ્ય, | સત્યનારાયણનું મંદિર |
| કમલા નહેરૂબાગ | |

### (ગ) ખાલીજગ્યા પૂરો.

૧. પોરબંદર એક ઐતિહાસિક શહેર છે.

૨. પોરબંદરનું બીજું નામ સુદામાપુરી છે.

૩. કૃષ્ણનાં બાલસખાનું નામ સુદામા છે.

૪. ગાંધીજીનું જન્મસ્થળ કીર્તિમંદિર નામથી ઓળખાય છે.

૫. પોરબંદર અને જામનગર જિલ્લાને જોડતા ડુંગરનું નામ બરડો ડુંગર છે.

# પાઠ-૧૬ રંગોનો તહેવાર : હોળી

## અભ્યાસ-ઉત્તર

(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. હોળી-ધૂળેટી ધાર્મિક તહેવારો ગણાય.

૨. ફાગણ સુદ પૂનમનો દિવસે હોળીનો તહેવાર ઉજવાય છે.

૩. હોળીનાં તહેવાર સાથે ભક્ત પ્રહલાદની અમર યાદ જોડાયેલી છે.

૪. પ્રહલાદનાં પિતા હિરણ્યકશ્યપુ હતાં.

૫. રાજસ્થાનમાં હોળીનો તહેવાર ભવ્ય રીતે ઉજવાય છે.

(ખ) સવિસ્તાર ઉત્તર.

૧. ઈશ્વરનાં પરમ ભક્ત પ્રહલાદનાં રાક્ષસ પિતા હિરણ્યકશ્યપુને પોતાનું અભિમાન ચડ્યું. પોતાનાં રાજ્યમાં હવે પછી નારાયણને બદલે પોતાની પૂજા કરવાનું એલાન કર્યું પણ તેનાં પુત્ર પ્રહલાદે નારાયણની ભક્તિ ન છોડી. તેને મારી નાખવો પિતાએ ઘણાં પ્રયાસો કર્યા. તેની બહેન હોલિકા પાસે વરદાન રૂપ મળેલ વસ્ત્ર હતું. જે આગ સામે રક્ષણ આપતું હતું. તે વસ્ત્ર ઓઢીને છાણાં તથા લાકડાનાં ઢગલા પર પ્રહલાદને ખોળામાં લઈને એ બેઠી. પણ 'રામ રાખે તેને કોણ ચાખે.' ચમત્કાર થયો. હોલિકા બળી ગઈ અને પ્રહલાદ બચી ગયો. આમ અન્યાય સામે ન્યાયનો વિજય થયો તેથી લોકોએ ઉત્સવ તરીકે ઉજવ્યો.

૨. ભારતમાં હોળીનાં બીજા દિવસે ધૂળેટી ઉજવાય છે. તે દિવસે લોકો નાત-જાતનાં કે ઊંચ-નીચનાં ભેદભાવો ભૂલીને એકબીજા પર અબીલ-ગુલાલ તથા પિચકારીઓથી રંગો ઉડાડે છે અને ઉત્સવ ઉજવે છે.

(ગ) રાષ્ટ્રીય તહેવારો.

(૧) ૨૬ મી જાન્યુઆરી (૨) ૧૫ મી ઓગસ્ટ (૩) ૨ જી ઓકટોબર

ધાર્મિક તહેવારો.

(૧) હોળીધૂળેટી (૨) દિવાળી (૩) રક્ષાબંધન (૪) રામનવમી (૫) જન્માષ્ટમી

## વાત વ્યાકરણની

### (ક) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ન્યાય | × | અન્યાય | ધર્મ | × | અધર્મ |
| સત્ય | × | અસત્ય | દેવ | × | દાનવ |
| દેશ | × | પરદેશ | | | |

### (ખ) સમાનાર્થી શબ્દો.

વસ્ત્ર - ચીર, કપડું
પર્વ - તહેવાર
રાક્ષસ - દાનવ, અસુર
ભગવાન - ઈશ્વર, પ્રભુ
પુત્ર - સુત, દીકરો

### (ગ) નવા શબ્દો બનાવો.

સમાજ + ઈક = સામાજિક
ભારત + ઈય = ભારતીય
રંગ + ઈન = રંગીન
રાષ્ટ્ર + ઈય = રાષ્ટ્રીય
ખુશ + ઈ = ખુશી

## પ્રવૃત્તિ

### (ક) રંગોનાં નામ. (ખાલી જગ્યા ભરો)

૧. અબીલનો રંગ - લાલ
૨. ગુલાલ નો રંગ - ગુલાબી
૩. કેસૂડાના ફૂલનો રંગ - કેસરી
૪. રીંગણાનો રંગ - જાંબલી
૫. કારેલાનો રંગ - લીલો
૬. કંકુનો રંગ - લાલ

### (ખ)

| ક | ખ |
|---|---|
| પુત્રને જન્મ આપનાર | માતા-પિતા |
| પિતાની બહેન | ફઈ |
| માતાની બહેન | માસી |
| પિતાના પિતા | દાદા |
| માતાના પિતા | નાના |
| બહેનના પતિ | બનેવી |

# પાઠ-૧૦ ધૃતરાષ્ટ્રનો શોક

## અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. મહાભારતનાં યુદ્ધમાં પાંડવો જીત્યા.

૨. યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રની એકલતા ભરી સ્થિતિ હતી.

૩. ધૃતરાષ્ટ્રને ભીમની સાથે પોતાના પુત્ર દુર્યોધનના મૃત્યુનો બદલો લેવો હતો.

૪. ભીમને બાથમાં ભીંસીને મારી નાખવાની ધૃતરાષ્ટ્રની યોજના નિષ્ફળ ગઈ.

૫. કૃષ્ણએ ધૃતરાષ્ટ્રને છળ-કપટ છોડીને શાંતિ અને સંયમપૂર્વક જીવન જીવવાની સલાહ આપી.

**(ખ) સવિસ્તાર પ્રશ્નનાં જવાબ.**

૧. મહાભારતનાં યુદ્ધમાં કૌરવોનાં વિનાશ બાદ ધૃતરાષ્ટ્રનાં મનમાં પોતાનાં પુત્ર દુર્યોધનનાં મૃત્યુનો બદલો ભીમ સાથે લેવાની ઈચ્છા જાગી. તે પાંડવોને મળવા માટે તેમનાં નિવાસ સ્થાને ગયા. ત્યાં જઈને ભીમને ભેટીને બાથમાં ભીંસીને મારી નાખવાની ધૃતરાષ્ટ્રની યોજના હતી.

૨. શ્રીકૃષ્ણને ધૃતરાષ્ટ્રની યોજનાની ગંધ આવી ગઈ હતી. તેણે ભીમનું લોખંડનું પૂતળું તૈયાર કરાવ્યું. જ્યારે ધૃતરાષ્ટ્રે ભીમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ભીમનું પૂતળું સામે ધરી દીધું. ભીમનાં પૂતળાને બાથમાં લઈને ધૃતરાષ્ટ્રે ચૂરેચૂરા કરી નાખ્યાં. આમ ભીમ બચી ગયો અને ધૃતરાષ્ટ્રની યોજના નિષ્ફળ ગઈ.

### વાત વ્યાકરણની

**(ક) વિરોધી શબ્દો.**

| | | |
|---|---|---|
| સફળ × નિષ્ફળ | યુદ્ધ × શાંતિ | દુઃખ × સુખ |
| હર્ષ × શોક | શાંતિ × અશાંતિ | |

**(ખ) વાકય બનાવો.**

૧. પુતળું - ધૃતરાષ્ટ્ર એ ભીમનાં પૂતળા નાં ચૂરેચૂરા ક્ર્યા

૨. વિલાપ - યુધ્ધ બાદ કૌરવકુળ માં વિલાપ સર્જાયો.

૩. યુક્તિ - શ્રી કૃષ્ણની યુક્તિ થી ભીમ બચી ગયો.

૪. ભેટવું - મારી મમ્મી મને પ્રેમથી ભેટે છે.

# પાઠ-૧૨ માઉસન શોધક- ડૉ.ડગ્લાસ

## અભ્યાસ-ઉત્તર

### (ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. માઉસના શોધક ડૉ. ડગ્લાસ એન્જલબર્ટ છે.
૨. ડૉ. ડગ્લાસનો જન્મ અમેરિકાના ઓરેગાવ નામનાં એક રાજ્યમાં થયો હતો.
૩. ડૉ. ડગ્લાસે ઈ.સ. ૧૯૫૫માં બર્કલીની યુનિ. માંથી પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી.
૪. એન્જલબર્ટે સૌ પ્રથમ શોધેલાં માઉસનું નામ હતું. 'એકસ-વાય પોઝીશન ઈન્ડીકેટર.'
૫. તેમણે ઈ.સ. ૧૯૮૮માં 'ડાઉગ એન્જલબર્ટ ઈન્સ્ટીટયૂશનંની સ્થાપના કરી.
૬. ઈ.સ. ૨૦૦૫માં અમેરિકાએ ડૉ. ડગ્લાસને નેશનલ સાયન્સ ફાઉન્ડેશનનો એવોર્ડ આપ્યો.

### (ખ) સવિસ્તાર જવાબ.

૧. એન્જલબર્ટે પોર્ટલેન્ડની ફ્રેન્કલીન હાઈસ્કુલમાં ઉચ્ચ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી કોમ્પ્યુટર ક્ષેત્રે પોતાની કારકિર્દી શરૂ કરી. અમેરિકાનાં નૌકાદળમાં જોડાયા. ત્યારબાદ ઓરેગાવ આવીને ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઈ.સ. ૧૯૫૫માં તેમણે બર્કલી યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની ડીગ્રી મેળવી.
૨. એન્જલર્ટે ઈ.સ. ૧૯૬૭માં લાડકાનું બનેલું. બે નાનકડાં વ્હીલવાળું માઉસ બનાવ્યું. પોતાનાં આ સાધનને તેણે 'એક્સ-વાય પોઝીશન ઈન્ડીકેટર' નામ આપ્યું હતું. સમય જતાં તે માઉસ નામે ઓળખાયું. આમ માઉસ કોમ્પ્યુટરનું એક મહત્ત્વનું અંગ બની ગયું.

## વાત વ્યાકરણની

### (ક) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| આધુનિક | × | પ્રાચીન | જોડવું | × | તોડવું |
| ઉચ્ચ | × | નીચ | પૂર્ણ | × | અપૂર્ણ |
| નવું | × | જૂનું | પરિચિત | × | અપરિચિત |

### (ખ) શબ્દોનાં વાક્યમાં પ્રયોગ.

૧. કારકિર્દી - મહેનત કરવાથી આપણી કારકિર્દી ઘડાય છે.
૨. નૌકાદળ - આપણા દેશનું નૌકાદળ સાધનોથી સમૃદ્ધ છે.
૩. મહત્વપૂર્ણ - પિતાજીએ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો.

# પાઠ-૧૩ ખેડૂતની સમજદારી

## અભ્યાસ-ઉત્તર

(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. ખેડૂત પાસે એક ઘાસનો પૂળો, એક સિંહ અને એક બકરી હતી.

૨. ખેડૂત સૌથી પહેલાં બકરીને સામે પણ લઈ ગયો.

૩. ખેડૂતે કુલ ચાર ફેરા માર્યા.

(ખ) સવિસ્તાર જવાબ.

૧. ખેડૂત વિચારનો હતો, જો હું પહેલાં સિંહને મારી સાથે લઈ જઈશ તો બકરી ઘાસ ખાઈ જશે. જો ઘાસને લઈ જઉં તો મારા ગયા પછી સિંહ બકરીને ખાઈ જશે. આમ તે વગર નુકસાને બધું સામે પાર કઈ રીતે પહોંચે તે વિચારવા લાગ્યો.

૨. ખેડૂત સૌથી પહેલાં બકરીને હોડીમાં બેસાડીને સામે પાર મૂકી આવ્યો. બીજા ફેરામાં સિંહને સામે કાંઠે મૂકીને બકરીને પોતાની સાથે પાછી લઈ ગયો. ત્રીજા ફેરામાં માત્ર ઘાસનો પૂળો સામે કાંઠે મૂકી આવ્યો ને ચોથા ફેરામાં બકરીને ફરીથી હોડીમાં બેસાડીને સામે કાંઠે લઈ ગયો.

### વાત શબ્દોની

સાચી જોડણી.

વિચાર, યુક્તિ, વ્યક્તિ, કિનારો

# પાઠ-૯ દગો કોઈનો સગો નહીં

## અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. ત્રણે ચોરનું મન એક સોના-ચાંદીની દુકાનમાં બેઠું.

૨. ત્રણે ચોર ભાગીને શહેરથી દૂર એક જૂનાં મહાદેવનાં મંદિરે ગયાં.

૩. પહેલાં ચોરનાં મનમાં ખરાબ વિચાર આવ્યો કે, જો પેલાં બે જણાંને હું મારી નાખું તો બધું ઝવેરાત મારા એકલાનું થઈ જાય.

૪. બીજા બે ચોરોનાં મનમાં કપટ આવ્યું કે, જો પેલો નાસ્તો લઈને આવે કે તરજ તેનાં પર તૂટી પડીએ અને મારી નાખી. એટલે બધું ઝવેરાત આપણાં બેનું થઈ જાય.

૫. અંતે ત્રણે ચોર મૃત્યુ પામ્યા.

૬. આ વાર્તા દ્વારા બોધ મળે છે કે દગો કોઈનો સગો નથી, જે જેવું કર્મ કરે તેવું ભોગવવું જ પડે છે.

**વાત વ્યાકરણની**

**(ક) રૂઢિપ્રયોગોનાં અર્થ.**

૧. ઢીમ ઢાળી દેવું - મારી નાખવું,

૨. રામ રમી જવા - મૃત્યુ થવું

૩. મનમાં કપટ આવવું - છળ કરવું, દગો કરવો

**નોંધઃ** રૂઢિપ્રયોગોનાં વાક્ય પ્રયોગ વિદ્યાર્થીને જાતે કરવાનું કહો.

**(ખ) આપેલ કહેવાતોનાં અર્થ.**

૧. દગો કોઈનો સગો નથી - દગાનું પરિણામ ક્યારેય સારું આવતું નથી.

૨. જેવું કરે તેવું ભોગવે - જે જેવું કર્મ કરે તેવું પરિણામ તેવું જ મળે છે.

# પાઠ-૮ લાલ બહાદુર શાસ્ત્રી

## અભ્યાસ -ઉત્તર

### (ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ ૨ જી ઓકટોબર ૧૯૦૪નાં રોજ ઉત્તર પ્રદેશનાં મુગલસરાય નામના ગામમાં થયો હતો.

૨. ૨૭ મે ૧૯૬૪નાં રોજ પંડિત જવાહરલાલ નહેરુનું અવસાન થયું.

૩. ભારતનાં પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને બીજા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી હતાં.

૪. લાલ બહાદુર શાસ્ત્રીએ પોતાની જિંદગી દેશ સેવામાં અને ગરીબોની સેવામાં સમર્પિત કરી દીધી.

૫. "જય જવાન જય કિસાન" સૂત્ર આપ્યું.

### (ખ) સવિસ્તાર જવાબ.

૧. **સાદગીનો પ્રસંગઃ** એકવાર રાષ્ટ્રસંઘના રાષ્ટ્રોની પરિષદમાં શાસ્ત્રીજીને લંડન જવાનું હતું. વિદેશપ્રવાસ ની તૈયારી વખતે ઠંડીની ઋતુમાં ગરમ પોષાક લઈ જવાની વાત નીકળી. તેમની પાસે માત્ર બે જ ગરમ કોટ હતાં. એમાંય વળી એક કોટમાં તો મોટું કાણું પડી ગયું હતું. તેથી નવો કોટ બનાવડાવવાની સૂચના આપવામાં આવી. પરંતુ તેમણે તો કોટને રફુ કરાવીને ચલાવવાનું કહ્યું. તેમણે કહ્યું કે "ગરીબ દેશનાં પ્રતિનિધિને તો આવો જ કોટ શોભે". આમ તેમણે પોતાની સાદગીનું ઉદાહરણ આપ્યું.

૨. ઈ.સ. ૧૯૬૫માં પાકિસ્તાન સાથેનાં યુદ્ધ દરમિયાન ભારતમાં અન્નની કટોકટી ફેલાઈ હતી. ત્યારે તેમણે દેશવાસિઓને અઠવાડિયામાં એક ટંકનું ભોજન ત્યાગવાની સૂચના આપી હતી. આમ કરતાં પહેલાં એમણે ખુદે એ જાતનું વ્રત લઈ રાખ્યું હતું. પછી કાયમ માટે સોમવારનું સાંજનું ભોજન લેવાનું એમણે બંધ કરી દીધું.

### શબ્દ બનાવો

દેહ + અવસાન = દેહાવસાન

મહત્વ + પૂર્ણ = મહત્વપૂર્ણ

સમ્+ અર્પિત = સમર્પિત

શ્રદ્ધા + અંજલિ = શ્રદ્ધાંજલિ

પ્ર + વૃત્તિ = પ્રવૃત્તિ

શૈશવ + કાળ = શૈશવકાળ

## કાવ્ય-૭ પંખીડા ! સુખથી ચણજો

## અભ્યાસ- ઉત્તર

### (ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. કવિ પંખીડાને સુખેથી ચણવાનું કહે છે.

૨. કવિ પોતાને ગાય સાથે સરખાવે છે.

૩. કવિએ માળીને પંખીઓ તરફ કંઈ પણ ફેંકવાની ના પાડી છે.

૪. કવિએ લોકોનાં ક્રૂર ખેલની વાત કરી છે.

૫. કવિ માણસના બીજાને ડરાવીને હેરાન કરવાનાં સ્વભાવથી દુ:ખી થાય છે.

૬. આ ગઝલમાં કવિ કલાપીએ પોતાનો પક્ષી તરફનો પ્રેમ વ્યક્ત કર્યો છે. કવિ ગભરૂ પક્ષીઓને સંબોધીને કહે છે કે, 'હે પંખીઓ તમે મારા બાગમાં સુખેથી ચણજો અને ગીતો ગાજો. હું તમારી પાસે આવું તો તમે મારાથી પણ ડરશો નહીં. જેમ તમારી પાસે ચરતી ગાયથી તમે નથી ડરતાં તેમ તમે મારાથી પણ ન ડરો. આ ઉપવન આપ સૌનાં માટે જ છે. મેં માળીને પણ તમારા તરફ પત્થર ફેંકવાની ના પાડી છે."

કવિ પક્ષીઓનાં સ્વભાવને વ્યક્ત કરતાં કહે છે કે, "તમારા બીકણ સ્વભાવથી જ તમારી રક્ષા થતી હોય તો ભલે માણસોનો ક્રૂર સ્વભાવ તમારા તરફ પત્થર ફેંકીને હેરાન કરવાનો હોય છે." એ વિશે કવિ દુ:ખી છે. કવિ કહે છે કે, "મનુષ્યનો સ્વભાવ સત્તા ભોગવવાનો હોય છે. એટલે કે પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે તે કુદરતની સુંદરતા હણે છે. માણસ કુદરતનાં તત્વો-પશુ-પંખી-ઓ પ્રત્યેની એકતા છોડીને બીજાને દુ:ખી કરે છે અને અધિકાર ભોગવીને આનંદ લે છે.

### વાત વ્યાકરણની

| (ક) તળપદા શબ્દો | | શુદ્ધ રૂપ |
|---|---|---|
| કૈં | - | કંઈ |
| કો'દી' | - | કોઈ દિવસ |
| છો | - | ભલે |
| પાણો | - | પત્થર |
| બીવા | - | ડરવા |

(ખ) **સમાનાર્થી શબ્દો.**

| | | |
|---|---|---|
| પંખી | - | પક્ષી, વિહગ |
| કર | - | હાથ, હસ્ત |
| હાનિ | - | નુક્શાન |
| કુદરત | - | પ્રકૃતિ |
| સામ્ય | - | એક સમાન |

(ગ) **વિરોધી શબ્દો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સુખ | × | દુઃખ | ડર | × | નિડર |
| હાનિ | × | લાભ | સામ્ય | × | અસામ્ય |
| ઐક્ય | × | અનૈક્ય | ક્રૂર | × | દયાળુ |

(ઘ) **ક્રિયાપદો.**

૧. ફેંકવું ૨. ચરવું ૩. ચણતું ૪. ત્યાગવું ૫. ભોગવવું

# પાઠ-૬ ભિખાયજી કામા

## અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. ભારત દેશનો સૌથી પહેલો ધ્વજ મેડમ ભિખાઈજી કામાએ બનાવ્યો.

૨. ભિખાઈજી કામાનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર ૧૮૬૧નાં રોજ મુંબઈમાં થયો હતો.

૩. પતિએ ભિખાઈજીને દેશસેવાની પ્રવૃત્તિ ચાલુ રાખવાની છૂટ આપી.

૪. લંડનમાં ભિખાઈજીની મુલાકાત દાદાભાઈ નવરોજી સાથે થઈ.

૫. ભિખાઈજીએ ૨૨ ઓગસ્ટ ૧૯૦૭નાં રોજ જર્મનીમાં સ્ટુટગાર્ડ નગરમાં યોજાયેલ 'ઈન્ટરનેશનલ સોશિયલિસ્ટ' કોંફ્રેસ માં ભારતનો ઝંડો સૌ પ્રથમ વખત ફરકાવ્યો.

**(ખ) સવિસ્તાર ઉત્તર લખો.**

૧. ભિખાઈજી કામાનો જન્મ ૨૪મી સપ્ટેમ્બર ૧૮૬૧નાં રોજ મુંબઈમાં થયો હતો. તેમનાં પિતાનું નામ સોરાબજી ફરામજી પટેલ અને માતાનું નામ જીજીભાઈ હતું. ૩ ઓગસ્ટ ૧૮૮૫નાં રોજ તેમના લગ્ન રૂસ્તમ કામા સાથે થયાં. પતિએ તેને દેશસેવાની પ્રવૃત્તિ ચાલુ રાખવાની છૂટ આપી હતી. ઈ.સ. ૧૮૮૫માં કોંગ્રેસનાં પ્રથમ અધિવેશનમાં ભિખાઈજીએ હાજરી આપી હતી. ઈ.સ. ૧૮૯૬માં જ્યારે મુંબઈમાં દુષ્કાળ અને પ્લેગ જેવી મહામારી ફેલાઈ ત્યારે લોકોની સારવારમાં તેઓ પણ લાગી ગયા હતાં. ઈ.સ. ૧૯૦૫માં ભિખાઈજીએ પોતાનાં સહયોગી વિનાયક દામોદર સાવરકર તથા શ્યામજી કૃષ્ણ વર્માની મદદથી ભારતનો રાષ્ટ્રધ્વજ તૈયાર કર્યો. તેમણે 'વંદે માતરમ્' નો નારો ગૂંજતો કર્યો.

૨. ભિખાઈજી કામાએ ઈ.સ. ૧૯૦૫માં પોતાનાં સાથી વિનાયક દામોદર સાવરકર અને શ્યામજી કૃષ્ણ વર્માની મદદ લઈને ભારતનો સૌ પ્રથમ રાષ્ટ્ર ધ્વજ બનાવ્યો હતો. આ ધ્વજમાં ત્રણ રંગ લાલ, પીળો અને લીલો હતાં. લાલ રંગમાં સાત કમળ, પીળા રંગમાં દેવનાગરી લિપિમાં 'વંદેમાતરમ્' શબ્દો અને લીલા રંગના પટ્ટામાં સૂર્ય-ચંદ્રનાં નિશાન હતાં. ૨૨ ઓગસ્ટ ૧૯૦૭નાં રોજ જર્મનીમાં સ્ટુટગાર્ડ નગરમાં યોજાયેલ 'ઈન્ટરનેશનલ સોશિયલિસ્ટ કોંફ્રેસ' માં ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ભિખાઈજી કામાએ ફરકાવ્યો હતો.

**(ગ)**

| અ | બ |
|---|---|
| ૧. વંદે માતરમ્ | ભિખાઈજી કામા |
| ૨. તુમ મુજે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા | સુભાષચંદ્ર બોઝ |
| ૩. સત્ય એ જ ઈશ્વર છે. | ગાંધીજી |
| ૪. જય જવાન, જય કિસાન | લાલ બહાદુર શાસ્ત્રી |

# પાઠ-૩ સ્વાર્થી મિત્રથી દૂર સારા

## અભ્યાસ- ઉત્તર

### (ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

૧. રામ અને શ્યામ જંગલમાં જતાં હતાં. ત્યારે રીંછ સામે આવતું જોયું.

૨. રીંછને જોઈને શ્યામ ઝાડ પર ચડી ગયો.

૩. રામને વડીલોની એ વાત યાદ આવી કે જાનવરો મરેલાં પ્રાણીને ખાતા નથી.

૪. રામ જમીન પર મડદાની જેમ શ્વાસ રોકીને સૂઈ ગયો.

૫. સ્વાર્થી મિત્રોથી દૂર રહેવું જોઈએ.

૬. દરેક નાં જીવન માં એક મિત્ર હોવો જોઈએ. મિત્ર સારો હોય તો તે હમેંશા ખરાબ સમય માં આપણો સાથ આપે છે. મિત્ર અને તેની મિત્રતા ખરાબ સમયે પરખાઈ જાય છે.

### વાક્ય-પ્રયોગ

૧. અચાનક : અચાનક જ સામેથી રીક્ષા આવતી જોઈ.

૨. યુક્તિ : મારા મિત્રએ પૈસા કમાવવાની યુક્તિ વિચારી.

૩. સ્વાર્થી : સ્વાર્થી મિત્રોથી દૂર રહેવું જોઈએ.

# કાવ્ય-૪ જલળકમળ છાંડી જાને બાળા

## અભ્યાસ-ઉત્તર

### પ્રશ્ન અભ્યાસ

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. આ કવિતામાં શ્રીકૃષ્ણ અને નાગણ વચ્ચેનો સંવાદ છે.

૨. નાગણ કહે છે કે 'હે બાળક ! તું આ જળ છોડીને જતો રહે જો તું નહીં જાય તો મારા સ્વામી તને મારી નાખશે.'

૩. કાનૂડો કહે છે કે હું રસ્તો નથી ભૂલ્યો પણ મથુરામાં જુગટુ રમતાં હું નાગનું શીશ હારી ગયો છું.

૪. નાગણ કાનૂડાને સવા લાખનો હાર આપવાની લાલચ આપે છે.

૫. કૃષ્ણએ કાળીનાગ સાથે યુદ્ધ કરીને હરાવ્યો.

૬. નાગણે પોતાનાં પતિને છોડી દેવાની વિનંતી કરી.

**(ખ) સવિસ્તાર જવાબ.**

બાલકૃષ્ણ પોતાનાં સખાઓ સાથે ગેડી-દડે રમતાં હતાં. કાનૂડાએ જોશથી ગેડીથી દડાને ફટકાર્યો અને દડો યમુના નદીમાં ગયો. યમુના નદીમાં દડો લેવા માટે જવાની સૌએ ના પાડી કેમકે તેમાં કાળીનાગ રહેતો હતો. છતાં કાનૂડાએ દડો લેવા માટે યમુનાનાં નીરમાં કૂદકો માર્યો. ત્યાં જળમાં નાગણોએ કાનૂડાનો સમજાવવા માટે ઘણાં પ્રયત્નો કર્યાં. પણ કાનૂડો ન માન્યો. અંતે એણે કાળીનાગ સાથે યુદ્ધ કરીને તેને હરાવ્યો. આમ કૃષ્ણની લીલા હતી.

**(ગ) કાવ્ય પૂર્તિ પાઠ્યપુસ્તક પ્રમાણે વિદ્યાર્થીઓને જાતે કરવાનું કહો.**

### વાત વ્યાકરણની

**(ક) સાચી જોડણી.**

સ્વામિ, મથુરા, શીશ, કૃષ્ણ, જન્મ્યાં, કાળીનાગ

**(ખ) સમાનાર્થી શબ્દો.**

ચરણ - પગ, પાદ
હાર - માળા, ગળાનું ઘરેણું
કૃષ્ણ - કાનૂડો, ગિરિધર
કમળ - પંકજ, અરવિંદ
કર - હાથ, હસ્ત

# પાઠ-૫ પંખીઓનાં માળા

## અભ્યાસ-ઉત્તર

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. પંખીઓ રહેવા માટે, ઈંડા મૂકવા અને પોતાના બચ્ચાંઓ નું રક્ષણ કરવા માટે માળો બનાવે છે.

૨. પંખી ઝાડ પર, જમીન પર, ભેખડમાં, દીવાલનાં બાકોરમાં કે પહાડોની ભેખડોમાં માળો બનાવે છે.

૩. કાગડા અને કબૂતરોનો માળો માત્ર સાંઠીકડાંનો બનેલો છે.

૪. સુઘરીના માળાની ગૂંથણી અદ્ભૂત હોય છે.

૫. લક્કડખોદ અને કંસાર ઝાડની સૂકી ડાળીમાં બાકોરું પાડીને પોતાના ઈંડા મૂકે છે.

૬. કોયલ પોતાના ઈંડા કાગડાનાં માળામાં મૂકે છે.

**(ખ) સવિસ્તાર જવાબ.**

૧. **સુઘરીનાં માળાની વિશેષતા :** સુઘરી માળો બનાવવામાં ખૂબ જ હોંશિયાર હોય છે. તેનો માળો અદ્ભૂત ગૂંથણીવાળો હોય છે. વરસાદમાં કે વંટોળિયામાં પણ ઝાડની ડાળે લટકતા સુઘરીનાં માળામાં તેનાં ઈંડા સલામત જ રહે છે. તેનો માળો ગોળ ચંબુ જેવો સુંદર હોય છે.

૨. **ચિત્રોલા વિશે :** ચિત્રોલા (હોર્નબિલ) મોટા વૃક્ષની કુદરતી બખોલમાં જ પોતાનો માળો બનાવે છે. જ્યારે ઈંડા મૂકવાનો સમય આવે ત્યારે નર અને માદા બંને મળીને બખોલની ખુલ્લી બાજુને માટી અને પોતાની ચરકથી દીવાલ બનાવીને બંધ કરી દે છે અને તેમાં માદા ચિત્રોલા કેદ થઈ જાય છે. માત્ર માદા ચિત્રોલાની ચાંચ જેટલું જ કાણું રાખે છે, જેથી નર ચિત્રોલા તેને ભોજન આપી શકે જ્યારે ઈંડામાંથી બચ્ચા બહાર નીકળી જાય છે ત્યારે દીવાલ તોડીને બખોલ ખુલ્લી કરી નાખે છે.

૩. **દરજીડાનો માળો :** દરજીડાનાં નામ પ્રમાણે ગુણ છે. જેમ દરજી કપડાં સીવે તેમ દરજીડો પણ બે પાંદડાં ભેગા કરીને પોતાની ચાંચમાં તણખલું કે ઘાસ રાખીને માળો સીવે છે. તેની આ કારીગરી બેનમૂન છે.

**(ગ) ખાલી જગ્યા પૂરો.**

| | |
|---|---|
| ૧. મીઠાં-મધુર ટહુકા કરે છે | કોયલ |
| ૨. હંજ પક્ષીનું બીજું નામ છે | સુરખાબ |
| ૩. હંજને અંગ્રેજીમાં ક્હે છે | ફલેમિંગો |
| ૪. જળચર પક્ષીનું નામ છે | બગલો |
| ૫. પાંદડાં સીવીને માળો બનાવતું પક્ષી છે | દરજીડો |

## વાત વ્યાકરણની

### (ક) વિરોધી શબ્દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| નર | × | નારી | ખુલ્લી | × | બંધ |
| બહાર | × | અંદર | સૂકી | × | ભીની |
| પોતાની | × | પરાઈ | શાંતિ | × | અશાંતિ |

### (ખ) વાક્ય-પ્રયોગ.

૧. ભેખડ : પક્ષીઓ પહાડની ભેખડમાં માળા બનાવે છે.

૨. બાકોરું : ચોરે દીવાલમાં બાકોરું પાડ્યું.

૩. સાંઠીકડાં : કાગડો સાંઠીકડા ભેગાં કરીને માળો બનાવે છે.

૪. બખોલ : વાંદરો બખોલમાં ભરાઈ ગયો.

૫. કાદવ : કાદવમાં કપડા બગડે છે.

## પ્રવૃત્તિ

**૧. વિદ્યાર્થીઓને જાતે જ કરવા કહો.**

**૨. ચકલી બચાવો અભિયાન.**

ગુજરાત સરકારે નાશ પામતી ચકલીઓને બચાવવા માટે 'ચકલી બચાવો અભિયાન' શરૂ કર્યું. જેમાં સ્કૂલ કે અન્ય સંસ્થાઓમાં જઈને તેણે માળાનું વિતરણ કર્યું. આ માળો પૂંઠાંનો આધુનિક માળો છે, જેમાં હવા-ઉજાસની વ્યવસ્થા થઈ શકે. પંખી પ્રેમી જનતાએ આ અભિયાનમાં ખૂબ જ સારી રીતે ભાગ લીધો. દીવાલોમાં ઠેકઠેકાણે માળા રાખીને ચકલીને માળો બનાવવાની સુવિધા કરી - આપી. પરિણામે આ અભિયાન ઘણે અંશે સફળ પણ થયું. નાની-નાની ચકલીઓએ આ આધુનિક માળાને સ્વીકાર્યો અને પોતાનાં ઈંડાં મૂક્યાં જેથી ચકલીઓ ફરીથી વાતાવરણમાં કલરવ કરવા લાગી.

# વ્યાકરણ વિભાગ

## કહેવતો

૧. અક્કરમીનો દડિયો કાણો.

કમનીસબ વ્યક્તિને ન હોય ત્યાંથી મુસીબત આવે.

૨. આપ ભલા તો જગ ભલા.

આપણે સારા તો સહુ સારી રીતે વર્તે.

૩. અધૂરો ઘડો છલકાય ઘણો.

ઓછી આવડત કે બુદ્ધિ વાળો માણસ વધુ પડતો દેખાડો  કરે.

૪. ઉતાવળે આંબા ન પાકે.

ઉતાવળ કરવાથી કામ સારું થાય નહીં.

૫. દૂરથી ડુંગર રળિયામણાં.

દૂરથી બધું સુંદર જ દેખાય પણ નજીક જઈને જોઈએ ત્યારે સાચી હકીકતની ખબર પડે.

૬. પહેલું સુખ તે જાતે નર્યા.

સારી તબિયત હોવી એ જ સારું સુખ ગણાય.

૭. પાકા ઘડે કાંઠા ન ચડે.

વખત વીત્યા બાદ પરિસ્થિતિમાં ફેરફાર ન થાય.

૮. પારકી આશ સદા નિરાશ.

બીજા ઉપર આધાર રાખીએ તો સહન કરવું પડે.

૯. બાવાના બેય બગડ્યા.

બધી રીતે પસ્તાવું પડે.

૧૦. બોલે એના બોર વેચાય.

કહ્યા વિના આપણી આવડત ખબર કોઈને ન પડે.

## શબ્દસમૂહ માટે એક શબ્દ

| | |
|---|---|
| ૧. પ્રયત્ન કર્યા વિના | અનાયાસ |
| ૨. સહેલાઈથી મેળવી શકાય તેવું | સુલભ |
| ૩. દિવસનો મધ્યભાગ | મધ્યાહ્ન |
| ૪. ચાલવાનો અવાજ | પગરવ |
| ૫. કરેલા ઉપકારને જાણનાર | કૃતજ્ઞ |
| ૬. જેની પત્ની મૃત્યુ પામી છે તે પુરુષ | વિધુર |
| ૭. જેનો પતિ મૃત્યુ પામ્યો છે તે સ્ત્રી | વિધવા |
| ૮. લાંબો સમય ટકી શકે એવું | ચિરસ્થાયી |
| ૯. ઈશ્વરમાં ન માનનાર | નાસ્તિક |
| ૧૦. ઈશ્વરમાં માનનાર | આસ્તિક |
| ૧૧. સહેલાઈથી ન મળે એવું | દુર્લભ |
| ૧૨. જેનો કોઈ નાથ નથી તે | અનાથ |
| ૧૩. પાણી ભરનાર સ્ત્રી | પનિહારી |
| ૧૪. પહેલાં જન્મ લેનાર | અગ્રજ |
| ૧૫. પછી જન્મ લેનાર | અનુજ |
| ૧૬. ભય વિનાનું | નિર્ભય |
| ૧૭. જાણવાની ઇચ્છા | જિજ્ઞાસા |
| ૧૮. છોડી દેવા યોગ્ય | ત્યાજય |
| ૧૯. ધનુષ્યની દોરી | પણછ |
| ૨૦. જેનું મૂલ્ય આંકી ન શકાય તેવું | અણમોલ |

## રૂઢિપ્રયોગો અને તેનાં અર્થ

૧. આંખ ફાટી જવી : અત્યંત આશ્ચર્ય થવું.

૨. કાન માંડવા : ધ્યાનથી સાંભળવું.

૩. કાન ફૂંકવા : ખટપટ કરવી

૪. રાઈનો પર્વત કરવો : નાની વાતને મોટું રૂપ આપવું.

૫. ફીફાં ખાંડવા : ખોટી મહેનત કરવી.

૬. જીવન સંકેલી લેવું : મૃત્યુ પામવું.

૭. મોઢું ફેરવી લેવું : અણગમો બતાવવો.

૮. બે પાંદડે થવું : આર્થિક સ્થિતિ સારી થવી.

૯. રાજીનાં રેડ થવું : ખૂબજ આનંદમાં આવી જવું.

૧૦. ઘા એ ઘા જવું : ઝડપથી જવું.

૧૧. તલપાપડ થવું : અધીરા થવું, ઉતાવળા થવું.

૧૨. ચાનક ચડવી : ઉત્સાહમાં આવી જવું.

૧૩. ભીંત ભૂલવી : ભારે મોટી ભૂલ થવી.

૧૪. હળવા ફૂલ થઈ જવું : ચિંતામુક્ત થઈ જવું.

૧૫. છાતી ભાંગી જવી : હિંમત હારી જવી.

૧૬. હૈયું પીગળવું : દયા અનુભવવી.

૧૭. પગ ઝાલવા : માફી માંગવી.

૧૮. લલાટે લખાવું : નસીબમાં હોવું.

૧૯. હૈયું ચિરાઈ જવું : ખૂબ દુ:ખ થવું.

૨૦. પરસેવો પાડવો : ખૂબ મહેનત કરવી.

**ઉપરનાં રૂઢિપ્રયોગોને વાક્યમાં પ્રયોગ કરો.**

# પાઠ-૧ જય જય ગરવી ગુજરાત

## અભ્યાસ

## ઉત્તર

### પ્રશ્ન અભ્યાસ

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. કવિ નર્મદે ગુજરાતની જયજયકાર કરી છે.

૨. કવિ નર્મદે પૂર્વ દિશામાં મહાકાળી માતા અને ઉત્તર દિશામાં અંબામાતાનો ઉલ્લેખ કર્યો છે.

૩. કવિ દક્ષિણ દિશામાં કુંતેશ્વર મહાદેવની અને પશ્ચિમ દિશામાં સોમનાથ મહાદેવ તથા દ્વારકાધીશની વાત કરી છે.

૪. આ કવિતામાં કવિએ ગુજરાતની તાપી, નર્મદા અને મહી નદીનો ઉલ્લેખ કર્યો છે.

૫. પર્વત પરથી વીર પૂર્વજો આશિષ આપે છે.

**(ખ) ભાવાર્થ સમજાવો.**

૧. પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સૌ જાત,
જય જય ગરવી ગુજરાત.

**ભાવાર્થઃ** આ કાવ્યમાં કવિ નર્મદ ગુજરાતનો મહિમા ગાય છે. કવિ કહે છે કે આપણા પૂર્વજો આપણી રક્ષા કરવા માટે હાજર જ છે. તે ત્યાંથી એવા આર્શીવાદ આપે છે કે ગુજરાતની પ્રજા સૌ સંપીને રહે અને તે શાંતિપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરે.

૨. ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી, પ્રેમ શૌર્ય, અંકિત;
તું ભણવ ભણવ નિજ સંતતિ સૌને, પ્રેમ ભક્તિની રીત.

**ભાવાર્થઃ** કવિ નર્મદે આ કાવ્યમાં સમજાવ્યું છે કે આપણે હંમેશાં દેશભક્તિ આપણા મનમાં જાગૃત કરવી જોઈએ. દેશ માટે દરેક દેશવાસીઓએ શૂરવીરતાપૂર્વક કસુંબીનો (રાષ્ટ્રપ્રેમ) નો ધ્વજ ફરકતો રાખવો જોઈએ. આપણે આપણાં સંતાનોને પણ પ્રેમભક્તિ શીખવવી જોઈએ.

**(ગ) કાવ્યપૂર્તિ વિદ્યાર્થી પાઠ્યપુસ્તકનાં આધારે કરશે.**

### વાત વ્યાકરણની

**(ક) પર્યાયવાચી શબ્દો.**

| | | |
|---|---|---|
| રત્નાકર | - | સાગર, સમુદ્ર |
| આશિષ | - | આશીર્વાદ, આશીર્વચન |
| પ્રભાત | - | સવાર, પ્રાતઃકાલ |
| ધ્વજ | - | ઝંડો, ધજા |
| સંતતિ | - | પુત્ર, પુત્રી |
| પર્વત | - | પહાડ, નગ |

**(ખ) વિરોધી શબ્દો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રેમ | × | નફરત | સવારે | × | સાંજ |
| ઊંચી | × | નીચી | વીર | × | કાયર |
| શુભ | × | અશુભ | શકુન | × | અપશુકન |

## પાઠ-૨ ગાવાની મજા અને ગધેડાને સજા

### અભ્યાસ – ઉત્તર

**પ્રશ્ન અભ્યાસ**

**(ક) નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. ગધેડો સાંજનાં સમયે આઝાદ થઈને ફરતો, ખાતો-પીતો ને મજા કરતો.

૨. ગધેડાને મનમાં વિચાર આવતો કે તેનો કોઈ મિત્ર હોય તો કેવું સારું ?

૩. શિયાળ ગધેડાને સ્વાદિષ્ટ ભોજન કરાવવા માટે તરબૂચનાં ખેતરમાં લઈ ગયો.

૪. ગધેડાનો અવાજ બેસૂરો હતો.

૫. શિયાળ ખેતરનાં છેડે વાડમાં છૂપાઈ ગયું.

**(ખ) સવિસ્તાર જવાબ.**

૧. ગધેડો અને શિયાળ તરબૂચ ખાઈને ધરાઈ ગયા. ગધેડો મોજમાં આવી ગયો. તેને ગાવાની ઈચ્છા થઈ. શિયાળે તેને ગાવાની ના પાડી. પણ ગધેડાએ તો ગાવાની જીદ પકડી. તે બેસૂરા અવાજથી ગાવા લાગ્યો. ખેતરનો માલિક આવ્યો અને ગધેડાને લાકડીથી ખૂબ જ માર્યો.

૨. આ વાર્તા માંથી બોધ મળે છે કે મૂર્ખ લોકો સાથે દોસ્તી કરાય નહીં. સમય-સંજોગ જોઈને વર્તન કરવું જોઈએ અને કોઈની સાચી સલાહ માનવી જોઈએ.

**(ગ) કોણ કોને કહે છે ?**

૧. શિયાળ ગધેડાને કહે છે.

૨. ગધેડો શિયાળને

**વાત વ્યાકરણની**

**(ક) સાચી જોડણી.**

શિયાળ

સ્વાદિષ્ટ

કુંભાર

મૂર્ખાઈ